સને ૧૯૬૩ પછી ભરતી થયેલ રૂપાંતરીત નગરપાલિકાના કર્મચારીઓને પેન્શનના લાભો આપવા બાબત.

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૯૪-૨૦૧૧-૨,
સચિવાલય,ગાંધીનગર,
તારીખ:- ૨૮.૧૧.૧૯૯૪.

**વંચાણે લીધા:-**

(૧) પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગનો તા.૨૯-૯-૯૨ નો ઠરાવ ક્રમાંક: નપમ-૧૦૮૩-૧૩૩૦-ક.

(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તારીખ: ૩૧-૧-૯૨ નો ઠરાવ ક્રમાંક:નપમ-૧૨૮૭-૪૧૫-૨.

**આમુખ :-**

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ દ્વારા તા ૨૪ ૧ ૮૨ ના ઠરાવ ક્રમાંક: નપમ-૧૦૮૩-૧૩૩૦-ક થી ગ્રામ/નગર પંચાયતમાં તા.૧-૪-૬૩ પછી ભરતી થયેલ કર્મચારીઓને એડહોક રૂા.૩૭૫/- નું પેન્શન ચૂકવવાનું નકકી કરેલ છે. ત્યારબાદ આમુખમાં દર્શાવેલ તા.૨૯-૯-૯૨ ના ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૮૩-૧૩૩૦-ક થી આવા કર્મચારીઓને તા.૧૧-૨-૬૯ થી પેન્શન તથા ગ્રેજ્યુઈટીના લાભો આપવાનું ધોરણ નકકી કરવામાં આવેલ છે. પંચાયત વિભાગના આ ઠરાવનો લાભ જે નગર પંચાયતોનું ૧૯૮૬ માં નગરપાલિકામાં રૂપાંતર થયેલ છે તેવી નગરપાલિકાના ૧૯૬૩ પછી ભરતી થયેલ કર્મચારીઓને મળતો આ વિભાગના સરખા ક્રમાંકના આમુખ (૨) માં દર્શાવેલ તા.૩૧-૧-૯૨ ના ઠરાવ ક્રમાંક:નપમ-૧૨૮૭-૪૧૫-૨ થી તા.૧૧-૨-૬૯ ના રોજ સેવામાં હોય તેવા તથા તે તારીખ બાદ નિવૃત થયેલ કે મૃત્યુ પામેલ પૂર્ણકાલિન સમયના એલોકેટેડ કર્મચારીઓને પંચાયત વિભાગના તા.૧૭-૧૦-૮૩ ના ઠરાવ ક્રમાંક-નપમ-૧૦૮૩-૧૩૩૦-ક.૧ થી બહાર પાડેલા પેન્શનના લાભો આપવાનું ઠરાવેલ હતું. પરંતુ પંચાયત વિભાગના તા.૨૯-૯-૯૨ ના ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૮૩-૧૩૩૦-ક ની શરત-૧૬ થી ઠરાવ્યા મુજબ જે નગર પંચાયતનું સુધરાઈમાં રૂપાંતર થયેલ છે. તેવી નગર પંચાયતના સુધરાઈમાં રૂપાંતર થયા બાદ નિવૃત થયેલા અવસાન પામેલા કર્મચારીઓને તા.૨૯-૯-૯૨ નો ઠરાવ લાગુ પડશે નહીં.

..૨..

આમ ઉપરોકત ઠરાવોનો લાભ તા.૧-૪-૬૩ પછી ભરતી થયેલ રુપાંતરીત નગરપાલિકાના કર્મચારીઓને મળતો નથી. તેથી નગર પંચાયતના કર્મચારી મંડળો તથા જે તે સંસ્થાના સંબંધિત કર્મચારીઓ દ્વારા પંચાયતના ધોરણે પેન્શનના લાભ આપવા સરકારશ્રીમાં રજૂઆત કરવામાં આવેલ છે. તેથી સમગ્ર બાબતોને નિગાહે લઈ જે નગર પંચાયતનું સને ૧૯૮૬ માં નગરપાલિકામાં રુપાંતર થયેલ છે તેવી નગરપાલિકાના અને ૧૯૬૩ પછી ભરતી થયેલ કર્મચારીઓ પંચાયત વિભાગના તા.૨૯-૯-૯૨ ના ઠરાવનો લાભ મળતો નથી તેવા સને ૧૯૮૬ માં રુપાંતર થયેલ નગરપાલિકાના તા.૧-૪-૬૩ પછી ભરતી થયેલ પરંતુ નગરપાલિકામાં રુપાંતર થયેલ તારીખ પહેલાં ભરતી થયેલ કર્મચારીઓને નીચેની શરતોને આધીન રહીને પંચાયત વિભાગના તા.૨૯-૯-૯૨ ના ઠરાવ ક્રમાંક: નપમ-૧૦૮૩-૧૩૩૦-ક થી નકકી થયેલ ધોરણે પેન્શન યોજના લાગુ કરવાનું પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રીએ નકકી કરેલ છે.

## -: ઠ રા વ :-

સને ૧૯૮૬ માં રુપાંતર થયેલ નગરપાલિકાના તા.૧-૪-૬૩ પછી ભરતી થયેલ પરંતુ નગરપાલિકામાં રુપાંતર થયેલ તારીખ પહેલાં ભરતી થયેલ કર્મચારીઓને નીચેની શરતોને આધીન રહીને પંચાયત વિભાગના તા.૨૯-૯-૯૨ ના ઠરાવ ક્રમાંક: નપમ-૧૦૮૩-૧૩૩૦-ક થી નકકી થયેલ ધોરણે પેન્શન યોજના લાગુ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ કર્મચારીઓની નિવૃત્તિ કે અવસાનની તારીખે અથવા તેઓ ૫૮ વર્ષની વયે (વર્ગ-૪ ના કિસ્સામાં ૬૦ વર્ષે) પહોંચ્યા હોય, એ બે માંથી જે વહેલું હોય તે તારીખે પૂર્ણ કરેલ નોકરીને 'પેન્શન' પાત્ર નોકરી તરીકે ગણવાની રહેશે.

(૨) જે કોઈ કર્મચારી ૫૮ વર્ષ (વર્ગ-૪ ના કિસ્સામાં ૬૦ વર્ષ) બાદ નોકરીમાં ચાલુ રહેલ હોય તો તેને તાત્કાલિક અસરથી નિવૃત્ત કરવાનો રહેશે. અને આવી નિવૃત્તિ તારીખ પછીનો સમય પુન: નિમણૂંક તરીકેનો ગણવાનો રહેશે અને તે સમયના પગારને બી.સી.એસ.આર પ્રમાણે નકકી કરવાનો રહેશે.

..૩..

(૩) જે કોઈ કર્મચારીનો કેસ તેની નિવૃત્તિ સમયે નગરપાલિકામાં પ્રવર્તે પેન્શન નિયમો મુજબ નિયમિત કરવામાં આવ્યો હોય તો તેનો કેસ ફરીથી ખોલવાનો રહેશે નહીં.

(૪) જે નિવૃત્ત કર્મચારીઓ અથવા અવસાન પામેલ કર્મચારીના વારસદાર ઠરાવેલ નમુના પ્રમાણે પેન્શન યોજના સ્વીકારવા વિકલ્પ આપે તેમને જ આ ઠરાવનો લાભ આપવાનો રહેશે. પેન્શન યોજનાના વિકલ્પ ઠરાવની તારીખથી ત્રણ માસમાં સંબંધિત નગરપાલિકાએ મેળવી લેવાના રહેશે.

(૫) જે કર્મચારીઓ પેન્શન યોજના માટે વિકલ્પ આપે તેમણે તેમના કો-ન્ટ્રીબ્યુટરી પ્રોવિડન્ટ ફંડના ખાતામાં જમા રહેલ રકમ પૈકીની પંચાયતના ફાળાની રકમ તથા તે પરનું વ્યાજ કે જે તેના ચાલુ ખાતા દરમ્યાન જમા થયેલ છે તે પરત જમા કરાવવાનું રહેશે. અને નિવૃત્ત કર્મચારીના કબજામાં જેટલા વર્ષો માટે તે રકમ રહેલ હશે તે રકમ ઉપર દરેક વર્ષ માટે નિયત થયેલ વ્યાજની રકમ પણ ભરવાની રહેશે.

(૬) જે કર્મચારી પેન્શન યોજના સ્વીકારવા માટે વિકલ્પ આપે તેણે તેને મળેલ ગ્રેચ્યુઈટીની રકમ સરકારમાં પરત જમા કરાવવાની રહેશે.

(૭) જે કર્મચારીઓ હાલમાં નોકરીમાં ચાલુ છે તેઓએ આ હુકમ બહાર પડયાની તારીખથી આ સાથે જોડેલ નમુના પ્રમાણે વિકલ્પ આપવાનો રહેશે . આવા કિસ્સાઓમાં તેમના ખાતામાં જમા થયેલ પંચાયતનો હિસ્સો તથા તે પરનું વ્યાજ રાજ્ય સરકારમાં જમા કરાવવાનું રહેશે અને બાકી રહેતી રકમ તેમના સામાન્ય ભવિષ્ય નીધિ ખાતામાં તબદીલ કરવાની રહેશે. જે કર્મચારીઓ આ ઠરાવની તારીખથી ત્રણ માસમાં વિકલ્પ નહીં આપે તેઓ તેમને હાલ મળતા નિવૃત્તિ લાભોથી સંતુષ્ટ છે અને આ હુકમો હેઠળ મળવાપાત્ર પેન્શનના લાભો તેઓ મેળવવા ઈચ્છતા નથી તેમ માનવામાં આવશે. એકવાર આપેલ વિકલ્પ આખરી ગણાશે.

(૮) કોઈ કર્મચારી તા.૧૧-૨-૬૯ પછી નોકરી દરમ્યાન મૃત્યુ પામેલ હોય અથવા તા.૧૧-૨-૬૯ પછી નિવૃત્ત થયા બાદ મૃત્યુ પામેલ હોય તેવા કિસ્સામાં તેના હયાત વારસદારો સાથે પરામર્શ તથા વિચારણા કરીને તેને મળેલ જુના નિવૃત્તિના લાભો અથવા આ ઠરાવ હેઠળ મળવાપાત્ર પેન્શનના લાભો એ બે પૈકી જે વધારે ફાયદાકારક હોય તે તેના કુટુંબ માટે મંજૂર કરવાના રહેશે.

(૯) કો-ટ્રીબ્યુટરી પ્રોવિડન્ટ ફંડના તમામ કિસ્સાઓમાં ઉપર ક્રમ (૫),(૬) અને (૭) હેઠળ સરકારમાં જમા કરાવવાની પંચાયતમાં/નગરપાલિકાના ફાળાની રકમ તથા તે પરના વ્યાજની રકમ વિકલ્પ આપ્યાની તારીખથી ત્રણ માસમાં રાજ્ય સરકારમાં "૮૦૧૧-વીમા અને પેન્શન-૧૦૬-બીજા વીમા અને પેન્શન ફંડ ને બીજી આવકો " એ સદરે જમા કરાવવાની રહેશે. જો કોઈ કર્મચારી આ રકમ તેને મળવાપાત્ર પેન્શન તથા ગ્રેજ્યુઈટીની રકમમાંથી સરભર કરાવવા માંગતા હોય તો તેવા કિસ્સામાં સંબંધિત કર્મચારી નિયામકશ્રી, નગરપાલિકા, ગુજરાત રાજ્ય,અમદાવાદને લેખિત રજૂઆત કરવાની રહેશે અને નિયામકશ્રીએ ગુણદોષના આધારે નિર્ણય કરવાનો રહેશે.

(૧૦) આ હુકમો હેઠળ પેન્શન યોજના માટે વિકલ્પ આપનાર તમામ કર્મચારીઓને ૧૯૭૧ ના ગુજરાત પંચાયત સેવા સામાન્ય ભવિષ્ય નીધિ નિયમો નીચે આવરી લેવાના રહેશે.

(૧૧) સરકારી કર્મચારીઓ અને જિલ્લા/ તાલુકા પંચાયતના કર્મચારીઓને લાગુ પડતી સામાન્ય નિવૃત્તિ-વયનું ધોરણ આ બધા કર્મચારીઓને લાગુ પડશે.

(૧૨) આ ઠરાવ અન્વયે પેન્શન યોજના માટે વિકલ્પ આપનાર કર્મચારીઓના પેન્શન અંગેના કાગળો જે તે નગરપાલિકાએ તૈયાર કરી, સંબંધિત કલેક્ટરશ્રી મારફતે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબને મોકલવાના રહેશે.

(૧૩)જે કર્મચારીઓએ સ્વૈચ્છિક નિવૃત્ત માટે જરુરી પેન્શનપાત્ર નોકરી પુરી કર્યા બાદ નોકરીમાંથી રાજીનામું આપેલ હોય તેમને પંચાયત વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક: નપમ-૧૦૮૬-૩૨૧૧(૮૮)-ક, તા.૧૫-૧૨-૮૮ ની જોગવાઈઓને આધીન રહીને પેન્શનનો લાભ આપી શકાશે .

(૧૪) આ ઠરાવથી જે પેન્શનનો લાભ આપવાનું નકકી કરવામા આવેલ છે તે લાભ એવા કર્મચારીને મળવાપાત્ર થશે કે જેની જગ્યા સક્ષમ અધિકારીની મંજૂરીથી ઉભી કરવામાં આવેલ હોય. આમ પૂર્ણકાલિક જગા પર પૂર્ણકાલિક સમય માટે ફરજ બજાવતા હશે તેને જ આ લાભ મળવાપાત્ર થશે. આ જગ્યાની મંજૂરી અંગેની ચકાસણી કલેક્ટરશ્રીએ કરવાની રહેશે.

..૫..

(૧૫) પેન્શન/ગ્રેજ્યુઇટીની ગણતરી ઉપર ફકરા (૧) મુજબ થતી પેન્શનપાત્ર નોકરીને ધ્યાને લઈ જે તે સમયના પ્રવર્તમાન નિયમો મુજબ કરવાની રહેશે. પરંતુ તેની ચુકવણી તા.૧૭-૨-૬૯ ના રોજ પ્રવર્તમાન નિયમો મુજબ તા.૧૭-૨-૬૯ થી કરવાની રહેશે.

(૧૬) જે નગર પંચાયતો જે તારીખે નગરપાલિકામાં રુપાંતર થયેલ હોય તે તારીખ પછી ભરતી થયેલ કર્મચારીઓને આ પેન્શન યોજના લાગુ પડશે નહીં.

(૧૭) નગર પંચાયતનું નગરપાલિકામાં રુપાંતર થયા તારીખ બાદ જેટલી સેવા કર્મચારી નગરપાલિકામાં બજાવે તે સેવાનું પેન્શન કોન્ટ્રીબ્યુશન (સી.પી.એફ.ના બદલામાં) સંબંધિત નગરપાલિકાએ સરકારને ચૂકવવાનું રહેશે.

(૧૮) મૂળ નગર પંચાયતના આવા કર્મચારી, નગરપાલિકામાં રુપાંતર થયા બાદ કર્મચારી જો પેન્શનનો વિકલ્પ આપે તો જ પેન્શન કોન્ટ્રીબ્યુશન ચૂકવવાનું રહેશે.

(૧૯) આ રીતે રુપાંતર થયેલ નગરપાલિકાઓના કિસ્સામાં પેન્શન યોજના અંગે એકંદરે નિરીક્ષણ નિયામકશ્રી, નગરપાલિકાઓ દ્વારા કરવાનું રહેશે.

આ હુકમો નાણાં વિભાગની તા.૧૩-૧૦-૯૪ ની નોંધથી સરખા ક્રમાંકની ફાઇલ ઉપર મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલ દયાની )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

પ્રતિ,

- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ/રાજકોટ
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક મંડળો હિસાબ, ગુજરાત રાજ્ય,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

..૬..

- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, કલેકટર કચેરીના કંપાઉન્ડમાં, રાજકોટ.
- કલેકટરશ્રી સર્વે જિલ્લા / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, સર્વે મહાનગરપાલિકાઓ
- સર્વે નગરપાલિકાઓ
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ
- નાણાકીય સલાહકારશ્રી, શ.વિ.અને.શ.ગૃ.નિ.વિ.સચિવાલય, ગાંધીનગર.
- પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિશિષ્ટ ફાઈલ.